**પ્રશ્ન:શું આપે આપની શાળા માં કે અન્ય શાળા માં શિક્ષકો ને નવતર પ્રવૃત્તિકરવા માટે પ્રોત્સાહિત કરેલ છે ? જો હા તો કઈ રીતે ટૂંક માં જણાવો.**

તારણ: શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે. જવાબની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ પણ આપેલ છે.

૧.પોતાનાકલસ્ટરના તમામ શિક્ષકોને પ્રોત્સાહિત કરવા પોતાનાકલસ્ટરના શિક્ષકે કરેલ નવત્તર પ્રયોગ અને બીજા શિક્ષકે કરેલ નવત્તર પ્રયોગ નુંમેગેઝીન બહાર પાડવામાં આવે છે.અને બધા શિક્ષકોને ઈ મેલદ્વારા મેગેઝીન મોકલવામાં આવે છે. -વિપુલભાઈ ચૌહાણ- સી.આર.સી.નાંડોદ-જી.નર્મદા,

૨.શાળામાં નક્કી કરેલા સમયેશિક્ષકોનીમીટીંગનું આયોજન કરવામાં આવતું .આ મીટીંગમાં તેમની સમસ્યાનું સમાધાન કરવામાં આવતું અને મીટીંગમાં નવતર પ્રયોગની માહિતી આપવામાં આવતી..-મેહુલભાઈ ત્રિવેદી-જી-અમરેલી,ભુપેન્દ્રપ્રસાદ પંચાલ-જી.આંણદ,

૩.શિક્ષક વિનોદકુમાર ત્રિવેદી પોતાના ફંડ(દર મહિને ૨૦૦૦ રૂપિયા ) માંથી શાળાના તમામ શિક્ષક નવી પ્રવુતિ કરવા માટે જોઈતી વસ્તુઓ લાવવા માટે મદદ કરે છે. -વિનોદકુમાર હિરાણી – જી.બોટાદ

૪.નવત્તર પ્રયોગ કરનાર શિક્ષકને આર્થિક મદદ અને સમય દાન કરી મદદ કરી છે. શિક્ષક સાથે ચર્ચા દ્વારા નવત્તર પ્રયોગની જાણકારી આપવી. -મુકેશભાઈમકવાણા-જી.પોરબંદર,પ્રીતીબેન કોટેચા- જી.પોરબંદર,રતિલાલ કણઝરિયા-જી.સુરેન્દ્રનગર

૫. શિક્ષકને નવત્તર પ્રયો ગોનો વિડીયો અ ને પ્રવુતિઓના ફોટો બતાવીને પ્રોત્સાહિત કર્યા.-જયદીપભાઈ ચન્દુલાલભાઈ-જી.રાજકોટ,મનોજભાઈપટેલ- જી.વલસાડ,

૬.શિક્ષકેઆઈ.આઈ.એમ.દ્વારાઆપેલ જવાબના રૂપમાં મળેલ પત્ર નીશિક્ષકો સાથે ચર્ચા કરીનવત્તર પ્રયોગની જાણકારી શિક્ષકોને આપે છે. -જીતુભાઈચુડાસમા-જી.ભાવનગર,પ્રજ્ઞેશભાઈ વ્યાસ-જી.પાટણ,રમેશચંદ્ર પટેલ-જી.ભરૂચ,વર્ષાબેન સોલંકી- જી.ખેડા,

૭.શિક્ષકે તેના સાથી શિક્ષક ને સામાજિક વિજ્ઞાનમાં રાજયના નામ યાદ રાખવા બાળકોને થતી સમસ્યાના સમાધાન માટે હાજરીપુરતી વખ તેરાજયના નામ બોલવા કહયું.શિક્ષકે આ રીતે નદીઓ,પહાડો,ફૂલ,ફૂલ,પક્ષી વગેરના નામ બાળકોને શીખવ્યા .અંગ્રેજીનાસ્પેલિંગ પણ શીખવ્યા.. - કુસુમબેન પટેલ-જી.ગાંધીનગર,રમેશભાઈ ઓડેદરા -જી.પોરબંદર

૮.અમારી શાળાના ભૂતપૂર્વ શિક્ષિકા નયનાબેન પટેલને આઅંગે જરૂરી માર્ગદર્શન આપેલ.અને તેમણે સામાજિક વિજ્ઞાન વિષયમાં ગામના દરેકકુટુંબમાં બાળકોને મોકલીને કુટુંબ પત્રક ભરાવેલ.તથા વસ્તી ગણતરી અને તેનીજરૂરીયાત વિગતસર બાળકોને શીખવાડેલછે. -અકબરભાઈ મુલતાની-જી.આંણદ

૯.શિક્ષકેવોટ્સએપવાપરતા શિક્ષકોનું ગ્રુપ બનાવ્યું.પોતે કરેલ નવત્તર પ્રોયોગની જાણકારી,પ્રવુતિના ફોટો વગરે શેર કરે છે. -લાલજીભાઈ પંચાલ-જી. અમદાવાદ,મનોજભાઈપટેલ -જી.વલસાડ,રમેચંદ્ર પટેલ -જી.ભરૂચ,